# D.El.Ed. કેન્દ્રીયકૃત પ્રવેશ પ્રક્રિયા (વર્ષ ૨૦૨૬/૨૭)
# ઉમેદવારોને ઓનલાઈન ફોર્મ ભરવાની માર્ગદર્શિકા

## ૧. ઉમેદવારે ફોર્મ ભરતા પહેલા નીચે મુજબના દસ્તાવેજો તૈયાર રાખવા.

ઓનલાઈન ફોર્મ ભરવાનું શરૂ કરતાં પહેલાં નીચેના તમામ દસ્તાવેજો સ્કેન કરીને  તૈયાર રાખો:

• પાસપોર્ટ સાઇઝ ફોટો: (માત્ર JPG/JPEG ફોર્મેટ, સાઇઝ વધુમાં વધુ 5 MB)

• ઉમેદવારની સહી: (માત્ર JPG/JPEG ફોર્મેટ, સાઇઝ વધુમાં વધુ 2 MB)

(નિમ્નલિખિત ડોક્યુમેન્ટને JPG/JPEG/PNG/PDF ફોર્મેટમાં અને વધુમાં વધુ 5 MB સાઈઝમાં ઉપલોડ કરી શકાશે)

• ધોરણ-૧૦ની માર્કશીટ

• શાળા છોડ્યાનું પ્રમાણપત્ર –(School Leaving Certificate)

• ધોરણ-૧૨ અથવા તેને સમકક્ષ ડિપ્લોમા/ITI ની માર્કશીટ

• H.S.C. Trial Certificate: (માત્ર ધોરણ ૧૨ અભ્યાસ કરેલ ઉમેદવાર માટે )ધોરણ-૧૨ નું ટ્રાયલ પ્રમાણપત્ર

• સમકક્ષતા  પ્રમાણપત્ર(Equivalent certificate): (માત્ર ITI અને ડીપ્લોમા કરેલ ઉમેદવાર માટે) GSHEB દ્વારા અપાયેલ સમકક્ષતા  પ્રમાણપત્ર

• GSHEB દ્વારા લેવાયેલ ધોરણ ૧૨ની અંગ્રેજીની પરીક્ષા પાસ કર્યાની માર્કશીટ ( માત્ર ITI કરેલ ઉમેદવાર માટે)

• જાતિનું પ્રમાણપત્ર: (જો લાગુ પડતું હોય તો સંબંધિત ખાતાના સક્ષમ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ).

• નોન-ક્રીમીલેયર સર્ટિફિકેટ (ફક્ત SEBC ઉમેદવારો માટે):  નોન-ક્રીમીલેયર પ્રમાણપત્રની માન્યતા અવધિ ૦૧/૦૪/૨૦૨૪ થી શરૂ કરીને ૦૫/૦૭/૨૦૨૬ વચ્ચેની હોવી અનિવાર્ય છે.

• EWS પ્રમાણપત્ર (આર્થિક રીતે નબળા વર્ગો માટે): EWS પ્રમાણપત્રની માન્યતા અવધિ ૦૬/૦૭/૨૦૨૩ થી શરૂ કરીને ૦૫/૦૭/૨૦૨૬ વચ્ચેની હોવી અનિવાર્ય છે.

• દિવ્યાંગતાનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર: (કોઈ પણ જિલ્લાના સિવિલ સર્જનનો દાખલો)

• ડાંગ કેટેગરીમાં પ્રવેશ માટે :-(માત્ર ડાંગી ચતુર્થ કેટેગરીનો લાભ લેનાર ઉમેદવાર માટે ) જો તમે ડાંગ જિલ્લાની શાળામાં અભ્યાસ ન કર્યો હોય, પરંતુ ડાંગના મૂળ રહેવાસી તરીકે લાભ લેવા માંગતા હોય તો સક્ષમ સત્તાધિકારી(કલેકટરશ્રી અથવા તેમના દ્વારા અધિકૃત કરેલ અધિકારી)નું ડાંગ જિલ્લાના મૂળ વતની હોવાનું પ્રમાણપત્ર.

## ૨. રજીસ્ટ્રેશન પ્રક્રિયા (પ્રથમ વખત ફોર્મ ભરતા પહેલા તમામ ઉમેદવારો માટે)

- **વેબસાઇટ ઓપન કરો:** સૌ પ્રથમ એડમિશન પોર્ટલ ઓપન કરો. જો તમે નવા યુઝર છો, તો હોમ પેજ પર જમણી બાજુ ઉપર આપેલા **"Registration"** બટન પર ક્લિક કરો.
- **વિગતો ભરો:** રજીસ્ટ્રેશન ફોર્મમાં નીચે મુજબની વિગતો ખૂબ જ ચોકસાઈપૂર્વક ભરો:
    - **Program Type:** કોર્સ/પ્રોગ્રામનો પ્રકાર પસંદ કરો.
    - **APAAR ID :** તમારો જો અપાર આઈ.ડી. (Academic Bank of Credits) હોઈ તો નંબર દાખલ કરો.(મરજિયાત )
    - **Name as per SSC Marksheet:** ધોરણ-૧૦ ની માર્કશીટમાં જે રીતે નામ દર્શાવેલું હોય તે જ મુજબ **અંગ્રેજીમાં** નામ લખો.
    - **Category & Gender:** તમારી કેટેગરી અને જાતિ (પુરુષ/સ્ત્રી/અન્ય) પસંદ કરો.
    - **Birth Date:** જન્મ તારીખ (DD-MM-YYYY ફોર્મેટમાં) સિલેક્ટ કરો.
    - **Email & Mobile No:** તમારો જે ઈ-મેઈલ અને મોબાઈલ નંબર સતત ચાલુ રહેતો હોય તે આપવો, કારણ કે ભવિષ્યની તમામ માહિતી અને OTP ઈ-મેઈલ/મોબાઈલ નંબર પર જ મોકલવામાં આવશે.
- **OTP વેરિફિકેશન:** કેપ્ચા (Captcha) કોડનો સરવાળો કરી, **"Get OTP"** પર ક્લિક કરો અને મોબાઈલ/ઈમેઈલ પર આવેલ OTP સબમિટ કરી રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરો.
- રજીસ્ટ્રેશન સફળતાપૂર્વક થઇ ગયા પછી, તમારા મોબાઈલ/ઈમેઈલ પર પાસવર્ડ મોકલવામાં આવશે.જેને તમે લોગીન માં પાસવર્ડ તરીકે ઉપયોગ કરી શકશો.

## 3. લોગીન અને ડેશબોર્ડ (Student Login)

- રજીસ્ટ્રેશન સફળતાપૂર્વક થઈ ગયા પછી, હોમ પેજ પર જઈને **"Student Login"** વિભાગમાં જાઓ.
- તમારો User Name(મેસેજ દ્વારા પ્રાપ્ત થયેલ/મોબાઈલ નંબર) અને OTP/તમારો પાસવર્ડ(મેસેજ દ્વારા પ્રાપ્ત થયેલ) અને કેપ્ચા કોડ ભરીને **"Sign in"** કરો.
- લોગઈન થયા બાદ તમને સ્ક્રીન પર **Application Progress** ડેશબોર્ડ દેખાશે, જેમાં તમારે કુલ ૪ તબક્કાઓ ક્રમવાર પૂર્ણ કરવાના રહેશે:
    1. Profile → 2. Academic → 3. Attachment → 4. Submit

## ૪. પ્રોફાઈલ અને પ્રાથમિક વિગતો ભરવી (Step 1: Profile)

ડેશબોર્ડ પરથી પ્રોફાઈલની લિંક ઓપન કરી નીચે મુજબના વિભાગો ક્રમશઃ ભરો :

- **BASIC DETAILS (પ્રાથમિક વિગતો):** આમાં કોર્સ, નામ, જાતિ, ઈમેઈલ અને મોબાઈલ નંબર ચકાસી લો. જો તમે અનામત વર્ગના ઉમેદવાર હોવ અને સામાન્ય (General) બેઠકો પર પ્રવેશ મેળવવા ઈચ્છતા હોવ તો 'હા' અથવા 'ના' વિકલ્પ પસંદ કરો.સબંધિત અનામત બેઠકોનો લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ  જાતિ પ્રમાણપત્ર નંબર (જો લાગુ પડતું હોય તો ), નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર નંબર અને તારીખ(જો લાગુ પડતું હોય તો ) ,EWS પ્રમાણપત્ર નંબર અને તારીખ  (જો લાગુ પડતું હોય તો ) અને આધાર નંબર વગેરે વિગતો ચોકસાઈપૂર્વક ભરો.
- તમે અનામત વર્ગના ઉમેદવાર હોય અને પ્રવેશ પ્રક્રિયા બાદ ખાલી રહેતી સામાન્ય બેઠકો પર પ્રવેશ મેળવવા માંગતા હોય તો 'હા' પસંદ કરો.(આ વિકલ્પ **માત્ર 30 વર્ષથી ઓછી ઉંમરના** જ **અનામત વર્ગના** ઉમેદવાર જ 'હા' વિકલ્પ પસંદ કરી શકશે.અને તેમને સ્વીકાર કેન્દ્ર ખાતે રૂ.150/- જમા કરાવવાના રહેશે.)
- **ADDRESS DETAILS (સરનામાની વિગતો):** તમારું હાલનું પત્રવ્યવહારનું સરનામું (રાજ્ય, જિલ્લો, તાલુકો, ગામ અને પિનકોડ) ભરો. જો કાયમી સરનામું પણ એ જ હોય, તો **"Same as communication address"** ના ચેકબોક્સ પર ટીક માર્ક કરો.અથવા કાયમી સરનામાંની માહિતી પણ દાખલ કરો.

- **10th (S.S.C.) DETAILS (ધોરણ-૧૦ ની વિગતો):** બોર્ડનું નામ, પાસ કર્યાનું રાજ્ય, અભ્યાસનું માધ્યમ, પાસ કર્યાનો મહિનો/વર્ષ, બેઠક ક્રમાંક (Seat No.), પ્રયત્ન (Trial) ની સંખ્યા, મેળવેલ ગુણ (Obtained Marks) અને કુલ ગુણ (Total Marks) ઉમેરો. ટકાવારી (Percentage) સિસ્ટમ દ્વારા આપોઆપ ગણવામાં આવશે.
- **ડાંગી કેટેગરીમાં પ્રવેશ માટે (માત્ર ડાંગી ઉમેદવારો માટે):** જો તમે '**<u>ડાંગ DIET</u>'** ખાતે ઉપલબ્ધ 50% બેઠકો પર અગ્રતા મેળવવા માંગતા હોવ, તો આપેલા પ્રશ્નોમાં 'હા' પસંદ કરો અને નિયમો મુજબ તમારી યોગ્યતા દર્શાવતો અગ્રતા ક્રમ (Priority Criteria) સિલેક્ટ કરો.
    - **પ્રથમ અગ્રતા:** ઉમેદવારે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ બંનેનો અભ્યાસ ડાંગ જિલ્લામાં કરેલ હોવો જોઈએ.
    - **દ્વિતિય અગ્રતા:** ઉમેદવારે ધોરણ-૧૨ નો અભ્યાસ ડાંગ જિલ્લામાં કરેલ હોવો જોઈએ.
    - **તૃતીય અગ્રતા:** ઉમેદવારે ધોરણ-૧૦ નો અભ્યાસ ડાંગ જિલ્લામાં કરેલ હોવો જોઈએ
    - **ચતુર્થ અગ્રતા:** ઉમેદવાર ડાંગ જિલ્લાના મૂળ રહેવાસી હોવા અંગેનું સક્ષમ સત્તાધિકારી (માન. કલેક્ટર શ્રી અથવા તેમના દ્વારા અધિકૃત કરેલ અધિકારી) નું પ્રમાણપત્ર હોવું જરૂરી છે.

- **દિવ્યાંગતાની માહિતી (માત્ર દિવ્યાંગ ઉમેદવારો માટે):**
    - ઉમેદવાર નીચે દર્શાવેલ ચાર વિશિષ્ટ કેટેગરીમાંથી કોઈ એક દિવ્યાંગતા ધરાવતો હોવો જોઈએ:

      1. મૂકબધિર (Moderate): ક્ષતિનું પ્રમાણ 40% થી 50%  હોવું જોઈએ.

      2. મૂકબધિર (Severe ): ક્ષતિનું પ્રમાણ 50% થી 75% હોવું જોઈએ.

      3. અંધત્વ અને અલ્પદ્રષ્ટિ (Blindness and Low Vision): ક્ષતિનું પ્રમાણ 75%  જ હોવું જોઈએ.

4. અસ્થિવિષયક વિકલાંગતા (Locomotor Disability): ક્ષતિનું પ્રમાણ ૪0% થી વધારે હોવું જોઈએ.

- **પ્રવેશ પ્રક્રિયાના અંતે ઉપલબ્ધ ગુજરાતી માધ્યમ સિવાયના અન્ય માધ્યમમાં ખાલી બેઠકો પર ડી.એલ.એડ. કરવા ઈચ્છતા ઉમેદવારો માટે :- ( 'હા' કે 'ના' વિકલ્પ પસંદ કરવો )**
  - શું આપ પ્રવેશ પ્રક્રિયાના અંતે ઉપલબ્ધ ગુજરાતી માધ્યમ સિવાયના અન્ય માધ્યમમાં ખાલી બેઠકો પર ડી.એલ.એડ. કરવા ઈચ્છો છો? [નોંધ: જો અન્ય માધ્યમ(અંગ્રેજી/હિન્દી/ઉર્દૂ/મરાઠી)ની બેઠકો ખાલી રહેશે તો જ આ બેઠક પર પ્રવેશ મળવાપાત્ર થશે. આ માટે ઉમેદવારે **ધોરણ ૧૦ અને ધોરણ ૧૨** બંનેની પરીક્ષા **જે તે વિષય સાથે** પાસ કરેલી હોવી ફરજિયાત છે .પ્રવેશ ધોરણ-૧૨ ની ટકાવારી (મેરિટ) ના આધારે અને અટકેલા ક્રમથી જ આપવામાં આવશે.]

    હા [ ]    ના [ ]
  - તમે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બંનેની પરીક્ષા ક્યાં વિષય સાથે પાસ કરેલી છે ? (એક કરતાં વધુ વિષય સિલેક્ટ કરી શકાશે )

    હિન્દી( )   અંગ્રેજી( )   ઉર્દૂ( )   મરાઠી( )

- **ફોટો અને સહી અપલોડ કરવા:** પેજની નીચે આપેલા વિભાગમાં **'Choose file'** પર ક્લિક કરી તમારો ફોટો (મહત્તમ 5 MB) અને સહી (મહત્તમ 2 MB) સિલેક્ટ કરી **'Upload'** કરો.

→ **અગત્યની સૂચના:** બધી જ વિગતો ભરાઈ ગયા બાદ ફોર્મની નીચે આપેલા **"Save & Next | સેવ કરો & આગળ વધો"** બટન પર ક્લિક કરવું ફરજિયાત છે, જેથી તમારી વિગતો સેવ થાય અને તમે આગલા સ્ટેપ પર જઈ શકો.

## પ. શૈક્ષણિક વિગતો (Step 2: Academic Details)

આ તબક્કામાં ઉમેદવારે પોતાના ધોરણ ૧૨ (H.S.C.) અથવા તેને સમકક્ષ અભ્યાસક્રમની વિગતો આપવાની રહેશે. અહીં સ્ક્રીન પર **"H.S.C. / Diploma / I.T.I."** ના ત્રણ વિકલ્પો મળશે. ઉમેદવારે પોતાની લાયકાત મુજબ કોઈ પણ **એક જ** વિકલ્પ પસંદ કરવાનો રહેશે:

◯ **વિકલ્પ A: જો ઉમેદવાર HSC (ધોરણ-૧૨) પાસ હોય તો:-**

- **HSC** વિકલ્પ પર પસંદ કરો.
- **Exam Board:** તમારું પરીક્ષા બોર્ડ (દા.ત. GSHEB) અને રાજ્ય પસંદ કરો.
- **Passing Month & Year:** પરીક્ષા પાસ કર્યાનો મહિનો અને વર્ષ પસંદ કરો.
- **Seat No. & Stream:** તમારો બેઠક ક્રમાંક (Seat No.) લખો અને તમારો પ્રવાહ (વિજ્ઞાન, સામાન્ય, વ્યવસાયલક્ષી કે ઉત્તર બુનિયાદી વગેરે) પસંદ કરો.
- **No. of Attempts / Trials:** પરીક્ષા પાસ કરવા માટે આપેલા કુલ પ્રયત્નોની સંખ્યા લખો.
- **Marks Details:** મેળવેલ ગુણ (Obtained Marks) અને કુલ ગુણ (Total Marks) દાખલ કરો.
- **જો એકથી વધુ પ્રયત્ને (Trials) ધોરણ-૧૨ પાસ કર્યું હોઈ તો તેનો ગુણ ગણતરી નિયમ:** જો ઉમેદવાર એક કરતાં વધુ પ્રયત્ને પાસ થયો હોય, તો આખરી ટકાવારી નક્કી કરવા માટે નીચે મુજબની ગણતરી પદ્ધતિ અપનાવવી:
    - **નિયમ:** પ્રથમ માર્કશીટના કુલ ગુણમાં બાકીના તમામ પ્રયત્નોના કુલ ગુણ ઉમેરવા અને પ્રથમ માર્કશીટના મેળવેલ ગુણમાં બાકીના તમામ પ્રયત્નોના મેળવેલ ગુણ ઉમેરી આખરી ટકાવારી શોધવી.

    →*ઉદાહરણ:-* વિશાલએ ધોરણ-૧૨ ત્રણ પ્રયત્ને પાસ કર્યું છે:
        - પ્રથમ પ્રયત્ન: ૭૦૦ માંથી ૫૨૦ ગુણ મેળવ્યા અને ગણિત વિષયમાં નાપાસ થયો.
        - બીજો પ્રયત્ન: ગણિત વિષયમાં ૧૦૦ માંથી ૨૨ ગુણ આવતા ફરી વાર નાપાસ થયો.
        - ત્રીજો પ્રયત્ન: ગણિત વિષયમાં ૧૦૦ માંથી ૪૦ ગુણ મેળવી પાસ થયો.
        - **આખરી કુલ ગુણ:** ૭૦૦ (પ્રથમ પ્રયત્ન) + ૧૦૦ (બીજો પ્રયત્ન) + ૧૦૦ (ત્રીજો પ્રયત્ન) = **૯૦૦ ગુણ**.
        - **આખરી મેળવેલ ગુણ:** ૫૨૦ + ૨૨ + ૪૦ = **૫૮૨ ગુણ**.
        - **ગણતરી કરેલ આખરી ટકાવારી:**૯૦૦માંથી ૫૮૨**= ૬૪.૬૬%**
- **School Name, State & Medium:** જ્યાંથી ધોરણ-૧૨ પાસ કર્યું હોય તે શાળાનું નામ, રાજ્ય અને અભ્યાસનું માધ્યમ પસંદ કરો.

### ◯ વિકલ્પ B: જો ઉમેદવાર DIPLOMA (ડિપ્લોમા) પાસ હોય તો:-

- **Diploma** વિકલ્પ પર પસંદ કરો.
- **ધ્યાનમાં રાખવાના ખાસ નિયમો:**
  1. ટેકનિકલ પરીક્ષા બોર્ડના ડિપ્લોમાના કિસ્સામાં **TOP 10 વિષયોની** માર્કશીટના આધારે મેળવેલ ગુણને ધોરણ-૧૨ સમકક્ષ ગણવામાં આવશે.
  2. જી.ટી.યુ. (GTU) ના કિસ્સામાં ડિપ્લોમાના **છેલ્લા બે સેમેસ્ટરના (છેલ્લા વર્ષના)** માર્કશીટના ગુણ ધ્યાને લેવાશે.
  3. ડીમ્ડ/પ્રાઇવેટ યુનિવર્સિટીના કિસ્સામાં યુનિવર્સિટીની માર્કશીટની પદ્ધતિ મુજબ મેળવેલ ગુણ દાખલ કરવા.
- **અન્ય વિગતો:** ઉપર મુજબના નિયમોને ધ્યાનમાં રાખીને બોર્ડ/યુનિવર્સિટી, પાસ કર્યાનું વર્ષ, સીટ નંબર, મેળવેલ/કુલ ગુણ, કોલેજનું નામ, રાજ્ય અને માધ્યમની વિગતો સચોટ રીતે ભરો.
- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ સમકક્ષતા પ્રમાણપત્ર મેળવેલ હોય તેવા તમામ ઉમેદવારને સામાન્ય પ્રવાહના ઉમેદવાર તરીકે ધ્યાને લેવામાં આવશે.

### ◯ વિકલ્પ C: જો ઉમેદવાર ITI પાસ હોય તો:-

- **ITI** વિકલ્પ પર પસંદ કરો.
- **ધ્યાનમાં રાખવાના ખાસ નિયમો:**

  ઔધોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) માંથી બે વર્ષના કોર્ષના અંતિમ વર્ષની માર્કશીટના કુલ ગુણ અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી ધોરણ-૧૨ની અંગ્રેજી વિષયની પરીક્ષાના ૧૦૦ ગુણ મળીને કુલ થતાં ગુણમાંથી મેળવેલ ગુણને ધોરણ-૧૨ ના ગુણ તરીકે ધ્યાને લેવામાં આવશે.
  - *ઉદાહરણ:* રાહુલએ ITI ના છેલ્લા વર્ષમાં ૭૦૦ માંથી ૪૦૦ ગુણ મેળવ્યા છે અને GSHEB ની ધોરણ-૧૨ અંગ્રેજી વિષયની પરીક્ષામાં ૧૦૦ માંથી ૪૫ ગુણ મેળવ્યા છે.
    - **આખરી કુલ ગુણ:** ૭૦૦ (ITI) + ૧૦૦ (અંગ્રેજી) = **૮૦૦ ગુણ**.
    - **આખરી મેળવેલ ગુણ:** ૪૦૦ (ITI) + ૪૫ (અંગ્રેજી) = **૪૪૫ ગુણ**.

- ▪ **ગણતરી કરેલ ટકાવારી:** ૮૦૦ માંથી ૪૪૫ ગુણ = **૫૫.૬૨%**

- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૨ સમકક્ષતા પ્રમાણપત્ર મેળવેલ હોય તેવા તમામ ઉમેદવારને સામાન્ય પ્રવાહના ઉમેદવાર તરીકે ધ્યાને લેવામાં આવશે.
- તમારા આઈ.ટી.આઈ. ના પ્રમાણપત્ર મુજબ Exam Board, વર્ષ, બેઠક ક્રમાંક, મેળવેલ ગુણ, કુલ ગુણ, સંસ્થાનું નામ (I.T.I. Institute Name), રાજ્ય અને માધ્યમની વિગતો દાખલ કરો.
- GSHEB દ્વારા લેવાયેલ ધોરણ ૧૨ની અંગ્રેજીની પરીક્ષાની માર્કશીટના ગુણ દાખલ કરો.

→ **નોંધ:** યોગ્ય વિકલ્પ પસંદ કરી બધી શૈક્ષણિક માહિતી ભરાઈ ગયા બાદ નીચે આપેલા **"Save & Next | સેવ કરો & આગળ વધો"** બટન પર ક્લિક કરો.

## ૬. દસ્તાવેજો અપલોડ કરવા (Step 3: Attachment Details)

આ તબક્કામાં ઉમેદવારે પોતાના જરૂરી તમામ અસલ દસ્તાવેજો (Original Documents) સ્કેન કરીને ઓનલાઈન અપલોડ કરવાના રહેશે.

→ **ડોક્યુમેન્ટ અપલોડ કરવા માટેના સામાન્ય નિયમો:-**

- **માન્ય ફોર્મેટ:** દસ્તાવેજો માત્ર **JPG, JPEG, PNG, અથવા PDF** ફોર્મેટમાં જ અપલોડ કરવા.
- **ફાઇલ સાઇઝ:** દરેક દસ્તાવેજની ફાઇલ સાઇઝ વધુમાં વધુ **5 MB** સુધીની હોવી જોઈએ.
- **ગુણવત્તા:** માત્ર અસલ (Original) દસ્તાવેજોની એકદમ **સ્પષ્ટ અને વાંચી શકાય તેવી** સ્કેન કોપી જ અપલોડ કરવી. (ઝેરોક્ષ કોપી માન્ય ગણાશે નહીં).

→ **અપલોડ કરવાના મુખ્ય દસ્તાવેજોની યાદી:-**

- **S.S.C. Marksheet (ધોરણ-૧૦ ની માર્કશીટ):** જો તમે એક કરતાં વધુ પ્રયાસો (Attempts) માં પાસ થયા હોવ, તો બધી માર્કશીટને ભેગી (Merge) કરીને એક જ ફાઇલ બનાવી અપલોડ કરવી.
- **H.S.C./Diploma/I.T.I. Marksheet :** તમારી લાયકાત મુજબની અસલ માર્કશીટ સ્કેન કરીને અપલોડ કરો. એક કરતાં વધુ ટ્રાયલ હોય તો તમામ માર્કશીટ મર્જ કરીને અપલોડ કરવી.
- **School Leaving Certificate (L.C.)**
- **H.S.C. Trial Certificate** (જો લાગુ પડતું તો )

- **Caste Certificate (જાતિનું પ્રમાણપત્ર):** અનામત વર્ગના (SC, ST, SEBC) ઉમેદવારો માટે સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર.
- **નોન-ક્રીમીલેયર સર્ટિફિકેટ (ફક્ત SEBC ઉમેદવારો માટે):** નોન-ક્રીમીલેયર પ્રમાણપત્રની માન્યતા અવધિ **૦૧/૦૪/૨૦૨૪ થી શરૂ કરીને ૦૫/૦૭/૨૦૨૬** વચ્ચેની હોવી અનિવાર્ય છે.
- **EWS પ્રમાણપત્ર (આર્થિક રીતે નબળા વર્ગો માટે):** EWS પ્રમાણપત્રની માન્યતા અવધિ **૦૬/૦૭/૨૦૨૩ થી શરૂ કરીને ૦૫/૦૭/૨૦૨૬** વચ્ચેની હોવી અનિવાર્ય છે.
- **ડાંગ જિલ્લાના રહેવાસી માટેનું પ્રમાણપત્ર:** જો તમે ડાંગ જિલ્લાની શાળામાં અભ્યાસ ન કર્યો હોય, પરંતુ ડાંગના મૂળ રહેવાસી તરીકે લાભ લેવા માંગતા હોવ, તો સક્ષમ સત્તાધિકારી(કલેકટરશ્રી અથવા તેમના દ્વારા અધિકૃત કરેલ અધિકારી)નું વતની હોવાનું પ્રમાણપત્ર અહીં અપલોડ કરવું.
- **દિવ્યાંગતાનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર:** (કોઈ પણ જિલ્લાના સિવિલ સર્જનનો દાખલો)

## ૭.ડૉક્યુમેન્ટ અપલોડ કરવાની રીત અને અંતિમ સબમિશન:-

- દરેક દસ્તાવેજની સામે આપેલા **"Choose file"** બટન પર ક્લિક કરીને ફાઇલ સિલેક્ટ કરો.
- અપલોડ થયેલા દસ્તાવેજો બરાબર છે કે નહીં તે ચકાસવા માટે બાજુમાં આપેલા **'File'** બટન પર ક્લિક કરીને જોઈ શકાય છે.
- તમામ જરૂરી દસ્તાવેજો સફળતાપૂર્વક અપલોડ થઈ ગયા બાદ, પેજની નીચે આપેલા **"Save & Next | સેવ કરો & આગળ વધો"** બટન પર ક્લિક કરીને આગલા સ્ટેપ (Submit) પર જાઓ, જ્યાં ફોર્મ કન્ફર્મ કરી ફોર્મ ડાઉનલોડ કરો.

## ૮. અરજીપત્રક અનલોક અને સુધારો કરવાની પ્રક્રિયા:

1. અરજી સબમિટ કર્યા પછી જો કોઈ સુધારો કરવો હોય, તો સૌથી પહેલા "Submitted" વિભાગમાં જાઓ.
2. ત્યાં આપેલા "Unlock Application" (તાળાની નિશાની) વિકલ્પ પર ક્લિક કરો.
3. સ્ક્રીન પર એપ્લિકેશન અનલોક કરવા માટે કન્ફર્મેશન (પુષ્ટિ) માંગવામાં આવશે, જેમાં "Yes" પસંદ કરો.

4. તમારા નોંધાયેલા મોબાઇલ નંબર અથવા ઈ-મેઇલ આઈડી પર એક OTP મોકલવામાં આવશે.
5. OTP દાખલ કરીને Submit કર્યા બાદ એક નોંધ (Note) ખુલશે. તેમાં દર્શાવેલ "Cancel" વિકલ્પ પસંદ કરતાં તમારી અરજી Unlock થઈ જશે અને ત્યારબાદ તમે તેમાં જરૂરી સુધારા-વધારા કરી શકશો.

## ૯.સ્વીકાર કેન્દ્ર પર જઈ ફોર્મ વેરીફીકેશન અને હાર્ડ કોપી જમા કરાવવી :

- આખરી રીતે SUBMIT કરેલ ફોર્મને  ડાઉનલોડ  કરી તથા તેમાં અપલોડ કરેલ તમામ આધારોની સ્વ હસ્તાક્ષર કરેલ ઝેરોક્ષ/નકલ અને તે તમામ પ્રમાણપત્રોની અસલ નકલ લઈને આપ ઈચ્છો તે અથવા સંબંધિત જિલ્લાના સ્વીકાર કેન્દ્ર પર જઈ ફોર્મ વેરીફાઇ કરાવવાનું રહેશે.
- ફોર્મ વેરિફિકેશન અધિકારીને પ્રમાણપત્ર કે ભરેલા ફોર્મમાં વિસંગતતા જણાશે તો ફોર્મ રીજેક્ટ કરશે. જે ઉમેદવારે ફરીથી પોતાના લોગીનમાં જઈને સુધારી, ફરીથી ફોર્મ સબમિટ કરી પ્રિન્ટ કરીને વેરિફિકેશન કરાવી લેવાનું રહેશે.
- ફોર્મ વેરિફિકેશન થયા બાદ નિયત ફી રોકડેથી ભરીને વેરિફિકેશન ફોર્મ કમ રસીદ મેળવવાની રહેશે અને દસ્તાવેજો જમા કરવાના રહેશે.
- ONLINE વેબસાઈટ પર આખરી રીતે SUBMIT થયેલ ફોર્મની પ્રિન્ટ નકલ સાથે UPLOAD કરેલ આધાર પુરાવાને  અસલ દસ્તાવેજો સાથે સ્વીકાર કેન્દ્ર પર રૂબરૂ જઈ ચકાસણી કરાવી, યોગ્ય રીતે ફોર્મ અને દસ્તાવેજો જમા કરાવી જરૂરી ફોર્મ ફી ભરી રસીદ મેળવ્યેથી જ ONLINE ભરેલું ફોર્મ માન્ય ગણાશે.

**શુભેચ્છાઓ ! ફોર્મ ભરવામાં કોઈ ઉતાવળ ન કરવી અને નિયત સમયમર્યાદામાં જ પ્રક્રિયા પૂર્ણ કરવી.**